**Received on : ૧૭–૬–૨૦૨૦**
**Registered on: ૧૭–૬–૨૦૨૦**
**Decided on :**
**Duration: Year Month Day**

## પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં

**સ્પે. (એટ્રો ) કેસ નં.૧૨/૨૦૨૦**

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

વજશી ભીમાભાઇ ઓડેદરા,
ઉ.વ. ૩૮,
રહે. ઓડદર ગામ, ગોરખનાથના મંદિર તરફ જતા રસ્તે,
જી. પોરબંદર. .....આરોપી.

**ગુન્હો : આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (આર) (એસ), ૩(૨)(૫–એ) મુજબ.**

:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::

**ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી વી. જી. પરમાર.**

:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::

**: JUDGEMENT :**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે અને આરોપી અનુસુચિત જાતિ કે જનજાતિના સભ્ય નથી. આરોપીએ તા. ૨૦–૪–૨૦૨૦ ના રોજ કલાક ૧૦–૩૦ વાગ્યના અરસામાં ઓડદર ગામે ગોરખનાથ મંદિર પાસે ફરીયાદી શાક બકાલુ લેવા જતા આરોપી આ કામના ફરીયાદીને ' તુ અમારા ઘર પાસેથી કેમ નીકળે છે, મારે નોરતા ચાલે છે, ઢેઢા તું અમારા ઘર પાસેથી નીકળતો નહી' તેમ કહી ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો કાઢી, ડાબા પડખામાં એક પાટુ મારી મુંઢ ઈજા કરેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ હાર્બર મરીન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૮૨૦૦૧૮૪/૨૦૨૦ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુનાની તપાસ સોંપતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદ્દામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવતા તે રજીસ્ટરે લઇ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં. ૧૨/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા આંક–૧૩ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૧૪ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે, જેથી આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવાઓ :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો | આંક |
|---|---|---|---|
| ૧. | ગેલાભાઈ અરજણભાઈ સાદીયા | પંચ સાહેદ | ૧૫ |
| ૨. | જયેશભાઈ પુંજાભાઈ સાદીયા | પંચ સાહેદ | ૧૭ |
| ૩. | મેરામણભાઈ કરશનભાઈ ઓડેદરા | પંચ સાહેદ | ૧૮ |
| ૪. | સંજયભાઈ લાખાભાઈ ભરડા | પંચ સાહેદ | ૨૦ |
| ૫. | ગૌરવભાઈ નારણભાઈ ચાંચીયા | ફરીયાદી | ૨૯ |
| ૬. | શરદભાઈ વેજાભાઈ ચાંચીયા | સાહેદ | ૩૩ |
| ૭. | મંજુબેન ઉર્ફે મધુબેન અમરાભાઈ ચાંચીયા | સાહેદ | ૩૪ |
| ૮. | ડો. અજયભાઈ વ્રજલાલ મારડીયા | સાહેદ | ૩૫ |
| ૯. | નારણભાઈ પાલાભાઈ ચાંચીયા | સાહેદ | ૩૭ |
| ૧૦. | રાજેશકુમાર વાઘાભાઈ મકવાણા | સાહેદ | ૩૯ |
| ૧૧. | નિકુલકુમાર નારણભાઈ રબારી | પોલીસ સાહેદ | ૪૭ |
| ૧૨. | અશોકકુમાર રાયચંદદાસ પટેલ | ત.ક.અ. | ૫૪ |

**દસ્તાવેજી પુરાવાઓ :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૧૫ |
| ૨. | આરોપીનું અટક પંચનામુ | ૧૯ |
| ૩. | ફરીયાદ | ૩૦ |
| ૪. | ફરીયાદીનું ઇન્જરી સર્ટી. | ૩૬ |
| ૫. | ફરીયાદીની અનુ. જાતીનું પ્રમાણપત્ર | ૪૦ |
| ૬. | અનુ. જાતિના પ્રમાણપત્ર અંગેનું રજીસ્ટર | ૪૧ |
| ૭. | તપાસનો ડે. હુકમ | ૪૮ |
| ૮. | સ્પે. રીપોર્ટ | ૪૯ |
| ૯. | તપાસ સંભાળવાનો મેસેજ | ૫૦ |
| ૧૦. | ટેલીફોનીક વર્ધીના ઉતારાની નકલ | ૫૧ |
| ૧૧. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૫૫ |
| ૧૨. | ફરીયાદીનું સારવાર સર્ટી. મળવા કરેલ યાદી | ૫૬ |

(૬) ફરીયાદપક્ષ તરફથી આંક–૫૯ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીએ ગુન્હાનો ઇન્કાર કરેલ છે અને બચાવનો કોઇ પુરાવો આપેલ નથી. અને આરોપીને તમારે વિશેષમાં કાંઇ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, '' અમોએ આવો કહેવાતો કોઇ ગુન્હો કરેલો જ નથી. અમો તદન નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા તથા આરોપી તરફે વિ.વ. શ્રી વી.જી. પરમારની દલીલો સાંભળવામાં

આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૨૦–૪–૨૦૨૦ ના રોજ કલાક ૧૦–૩૦ વાગ્યના અરસામાં ઓડદર ગામે ગોરખનાથ મંદિર પાસે ફરીયાદી શાક બકાલુ લેવા જતા આરોપી આ કામના ફરીયાદીને ' તુ અમારા ઘર પાસેથી કેમ નીકળે છે, મારે નોરતા ચાલે છે, ઢેઢા તું અમારા ઘર પાસેથી નીકળતો નહી' તેમ કહી ફરીયાદીને જાહેરમાં ભુંડી ગાળો કાઢી, ડાબા પડખામાં એક પાટુ મારી મુંઢ ઈજા કરેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) (એસ), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| | |
| ૩. | શુ હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

## : નિર્ણયના કારણો :

**<u>મુદ્દા નં. ૧ અને ૨ :–</u>**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૫ ફરીયાદી ગૌરવભાઇ નારતભાઇ ચાંચીયાને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ તા. ૨૦/૪/૨૦૨૦ ના રોજ ઓડદર ગામે આવેલ ગોરખનાથના મંદિર તરફ જતા રોડ પર સવારના દસ સાડા દસ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે હું જાહેર રોડ પર શાક બકાલુ લેવા માટે જતો હતો ત્યારે વજશીભાઈ ઓડેદરા આવેલા અને મને કહેલ કે મારે નોરતા ચાલ છે, તુ અહી શા માટે આવેલ છે ? અને મને ભુંડી ગાળો કાઢી મને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરેલ અને મને ડાબા પડખામાં પાટુ મારી પછાડી દીધેલ. આ દરમ્યાન આ વજશીભાઇ પોતાના ઘરમાં ગયેલો અને ત્યારે મંજુબેન તથા શરદભાઈ આવીને મને મારા ઘરે લઇ ગયેલ. ઘરે જઇને મે મારા પિતા નારણભાઈને બનાવની વાત કરેલી અને મારા પિતાએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા એમ્બ્યુલન્સમાં બેસીને હું પોરબંદર સરકારી દવાખાને સારવારમાં ગયેલો. બનાવ બાબતે મે પોલીસ ફરીયાદ આપેલી. મારી ઈજા બાબતે મને ડોકટર સાહેબે પુછતા મે બનાવની હકિકત જણાવેલી તેમ જણાવી આંક–૩૦ થી ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન

જણાવેલ છે કે, હું ધોરણ–૧૦ નાપાસ છુ. મારા ઘરના સભ્યોમાં મારા માતા–પિતા, મારા ધર્મપત્ની તથા મારા દાદીમાં છે. હું ભરત કાંતીભાઈ ચાંચીયાને ઓળખતો નથી. હું કોઈ સંજય ભરતભાઈ સાદીયાને પણ ઓળખતો નથી. અશોક કેશુભાઈ સાદીયા અને ભરત કાંતીભાઈ ચાં ચીયા અમારા ગામના છે. તેઓ અમારા વિસ્તારમાં રહે છે. આ અશોકભાઈ અમારા પાડોશી થતા હોય, તેઓની સાથે મારે સારા સંબંધો છે. એ વાત ખરી નથી કે અશોક કેશુભાઈ સાદીયાએ અજય લીલાભાઈ ઓડેદરા તથા લીલા ઘેલાભાઈ ઓડેદરા સામે એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે સંજય ભરતભાઈ સાદીયાએ શાંતિબેન ખીમાભાઈ તથા ધર્મેશ લીલાભાઈ સુંડાવદરા સામે એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે ભરત કાંતિભાઈ ચાં ચીયાએ રામદેભાઈ નામના વ્યકિત સામે એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે. એ વાત ખરી છે કે ભરત કાંતિભાઈ ચાંચીયા, સંજય ભરતભાઈ સાદીયા, અશોક કેશુભાઈ સાદીયા તે બધા અમારા કુંટુંબીઓ છે. હું માસાહારી છુ. એ વાત ખરી છે કે હું નોનવેજની વસ્તુ જયા વેંચાતી હોય, ત્યાં ખરીદી કરવા માટે જાઉ છુ. એ વાત ખરી છે કે આ નોનવેજની વસ્તુઓ જે જગ્યાએ વેંચાય છે ત્યાંથી આરોપીનુ ઘર નજીક થાય છે. એ વાત ખરી છે કે આ નોનવેજની દુકાનો આરોપીના ઘરની નજીક હોય, જેથી આરોપીએ નોનવેજ વેચવાવાળાઓને તેમના ઘર પાસે નોનવેજ વેં ચવાની ના પાડેલી. એ વાત ખરી નથી કે આ નોનવેજ વેંચવા વાળા મારા જાણીતા હતા. એ વાત ખરી છે કે આરોપીના ઘર પાસે જે નોનવેજ વેંચતા હતા ત્યા નોનવેજ વેંચવાનુ બંધ થઈ જાય તો અમારે બીજી જગ્યાએ નોનવેજ લેવા માટે જવુ પડે. એ વાત ખરી નથી કે બનાવના અરસામાં કોઈ નોરતા ચાલુ ન હતા. સાહેદ ખુલાસામાં જણાવે છે કે બનાવ સમયે નોરતા ચાલુ હતા. એ વાત ખરી છે કે નોરતાના સમયે ગામમાં ગરબીનુ આયોજન થાય છે. એ વાત ખરી છે કે બનાવ સમયે ગામમાં કોઈ ગરબી ચાલુ ન હતી. હું બનાવના દિવસે

શાક બકાલુ લેવા આશરે દસથી સાડા દસ વાગ્યે ગયેલો. એ વાત ખરી છે કે બનાવ તા. ૨૦/૪/૨૦ ના અરસામા કોવિડ–૧૯ ને કારણે લોક ડાઉન હતું. એ વાત ખરી છે કે લોક ડાઉનના કારણે વેપાર ધંધા બંધ હતા. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે જગ્યાએ એક વડલાનુ ઝાડ આવેલ છે. એ વાત ખરી નથી કે કામ ધંધો ન હોય જેથી હુ વડલાના ઝાડ નીચે હીચકા ખાવા જતો. એ વાત ખરી નથી કે હું વડલાના ઝાડ તળે વળવાઈ પકડીને હીંચકો ખાતા પડી જતા નીચે ઓટલો હતો તેનો ખુણો વાગતા ઈજા થયેલી. હું હોસ્પિટલ અંદાજે અગીયારથી સાડા અગીયાર વાગ્યે પહોંચી ગયેલો. હોસ્પિટલે મારા સગા સબંધી આવેલા. એ વાત ખરી નથી કે સગા સબંધીઓ સાથે વાત કરીને પછી મે ફરીયાદ નોંધાવી. સાહેદ ખુલાસમાં જણાવે છે કે ત્યારે હું હોશમાં ન હતો. એ વાત ખરી છે કે મને હોસ્પિટલ લઈ ગયેલ ત્યારે હું બેહોશ હતો. હું સાંજે ચાર થી પાંચ વાગ્યે હોશમા આવેલો. હોશમાં આવ્યા બાદ ડોકટર સાહેબે મને કંઈ પૂછેલુ નહી. હોશમાં આવ્યો ત્યારે ડોકટરે એટલું પુછેલું કે હવે તને કંઈ તકલીફ થાય છે. પોલીસ બપોરે હોસ્પિટલે આવી ગયેલી. પોલીસે બપોરે મારી પુછપરછ કરેલી ત્યારે હુ બોલી શકતો હતો. હવે હું કહુ છું કે સાવ બેહોશ ન હતો. ફરીયાદ આપ્યા બાદ મને સરકાર તરફથી વળતર પેટે ૭૫ હજાર રૂપિયા મળેલ છે. એ વાત ખરી નથી કે હકીકતમા આવો કોઈ બનાવ બનેલો જ નથી પરંતુ સરકારમાથી વળતર મેળવવા માટે મે ખોટી ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે હકીકતમા હુ વડલાના ઝાડ પરથી પડી જવાથી મને ઈજા થયેલી હોય અને હોસ્પિટલમા દાખલ થયેલ હોય અને વળતર મેળવવાના ઈરાદાથી આરોપીને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સાહેદ શરદભાઈ વેજાભાઈ ચાં ચીયાને આંક–૩૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વં

ચાણે લેતા તેઓ જણાવે છે કે, ગૌરવ નારણભાઇ ચાંચીયા(ફરીયાદી) મારા કાકાનો દીકરો ભાઇ થાય છે. તેમનો બનાવ બનેલ તેને ચાર પાંચ વર્ષ જેટલો સમય થયેલ છે. બનાવ ઓડદર ગામે આવેલ ગોરખનાથના મંદિરના ત્રણ રસ્તા પાસે દિવસના દસ સવા દસ વાગ્યે બનેલો. બનાવ સમયે હું તળાવે ગયેલો હતો. બનાવ સમયે હું બાથરૂમ કરીને બનાવવાળી જગ્યાએથી જતો હતો ત્યારે માણસોનુ ટોળુ ઉભુ હતુ ત્યાં હું ગયેલો અને ત્યારે ત્યાં ગૌરવ હાજર હતો અને તેણે મને કહેલ કે વજશીભાઇ ભીમાભાઇ ઓડેદરાએ મને પાટુ મારેલ છે. જેથી અમે ગૌરવને ઘરે લઇ ગયેલ અને ત્યાં ઘરના બધા સભ્યોને વાત કરેલ અને બાદ ૧૦૮ ને ફોન કરેલ અને ગૌરવને ભાવસિંહજી હોસ્પીટલ ે સારવારમાં લઇ ગયેલ. શા માટે બનાવ બનેલ તેની મને ખબર નથી. બાદ પોલીસ બનાવવાળી જગ્યાએ આવેલી અને મે બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલી. બનાવ બાબતે ગૌરવે પોલીસ ફરીયાદ કરેલી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ગૌરવના બનાવની તારીખ મને યાદ નથી. એ વાત ખરી છે કે બનાવના અરસામાં કોરોના વાયરસ લગત લોકડાઉનનો સમય હતો. એ વાત ખરી છે કે લોકડાઉનમાં માણસોને ઘરમાંથી બહાર નિકળવાની મનાઇ હતી. એ વાત ખરી છે કે વજશીભાઇએ ગૌરવને પાટુ મારેલ હોય તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે વજશીભાઇના ઘરની બાજુમાં વડલાનુ ઝાડ છે છોકરાઓ ત્યાં હીચકવા જતા હતા. એ વાતની મને ખબર નથી કે ગૌરવ વડલે હીંચકા ખાતો હતો ત્યાથી પડતા તેને વાગેલુ. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ સરનામુ તથા ઉં મર પુછેલ. એ વાત ખરી નથી કે ગૌરવે બનાવ વિશે મને કોઇ વાત કરેલ નહી. એ વાત ખરી છે કે ગોરખનાથ મંદિર એ જાહેર જગ્યા છે અને આજુબાજુમાં ઘણા માણસો વસવાટ કરે છે. એ વાત ખરી નથી કે બનાવના દિવસે હું બનાવવાળા સ્થળે ગયેલો જ નથી. એ વાત ખરી

નથી કે ગૌરવે વજશીભાઇએ મને પાટુ મારેલ છે તેવુ મને જણાવેલ જ નથી. એ વાત ખરી છે કે વજશીભાઇએ ગૌરવને મારી રૂબરૂ જ્ઞાતિ પ્ર ત્યે અપમાનિત કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ ખુલાસામાં જણાવે છે કે હું જયારે બનાવસ્થળે પહોચ્યો ત્યારે ત્યાં વજશીભાઇ હાજર ન હતા.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ડો. અજયભાઇ વ્રજલાલ મારડીયાને આંક–૩૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, ગઇ તા. ૨૦/૪/૨૦૨૦ ના રોજ ભાવસિંહજી હોસ્પીટલ ખાતે સવારના ક. ૧૧/૩૫ વાગ્યે મેડીકલ ઓફિસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે નારણભાઇ પાલાભાઇ તેમના મિત્ર ગૌરવ નારણ ચાંચીયા ઉ.વ.૨૩ રહે. ઓડદર વાળાને મારી પાસ ે સારવાર અર્થે લાવેલ હતા. દર્દીને તપાસતા સભાન અવસ્થામાં હતા તેને ઈજા બાબતે પુછતા તેણે મને બનાવની એવી હીસ્ટ્રી આપેલ હતી કે " તેમની બાજુમાં રહેતા ભાઇ વજશીભાઇ ભીમાભાઇ ઓડેદરા પોતાના ઘરે ગોરખનાથની બાજુમાં ઓડદર ગામે ૧૦/૦૦ વાગ્યાની આજુબાજુ પગથી લાત મારીને માર મારેલ છે જેથી સારવાર માટે અહીયા આવેલ છુ ". આ દર્દીને તપાસતા તેમના વાઇટલ્સ નોર્મલ હતા અને દર્દીને ડાબા પડખામાં દુ:ખાવો તથા શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. ઈજાગ્રસ્ત જગ્યાની તપાસ કરતા ડાબા પડખાના ભાગે ૪×૪ સે.મી. નો ટેન્ડરનેશ જોવા મળેલ હતો અને દર્દીના છાતીનો એકસ–રે અને ડાબા સાથળના ગોળાનો એકસ–રે કઢાવેલ હતો અને જે નોર્મલ હતા. સદરહુ ઈજા તાજી હતી અને સદર દર્દીને ૨૧ તારીખના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે ડીસ્ચાર્જ કરવામાં આવેલ હતા. સદરહુ દર્દીનુ સારવાર સર્ટીફીકેટ અમોએ પોલીસને આપેલ તેમ જણાવી આંક–૩૬ થી સારવાર સર્ટી. રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ઉચાઇ વાળી જગ્યાએથી

જમીન પર પડવાથી દર્દીને થયેલ ઈજા થઇ શકે. એ વાત ખરી નથી કે દર્દીએ મારી સમક્ષ કોઇ હીસ્ટ્રી આપેલ નથી પરંતુ દર્દીના સગાવ્હાલાના કહેવાથી ખોટી હિસ્ટ્રી લખેલ છે.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નારણભાઈ પાલાભાઈ ચાંચીયાને આંક-૩૭ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, મારા દીકરાનુ નામ ગૌરવ (ફરીયાદી) છે. બનાવ બનેલ તેને પાંચ વર્ષ જેટલો સમય થયેલ છે. બનાવ સમયે મારો દીકરો શાકભાજી લેવા માટે ઓડદર ગામે ગોરખનાથના મંદિર પાસે સવારના ૧૦/૦૦ વાગ્યાના સમયે ગયેલો હતો. તે વખતે વજશી ભીમા ઓડેદરા(આરોપી) એ મારા દીકરાને એવુ કહેલ કે ' ચૈત્ર મહિનાના નોરતા ચાલે છે અહી શાકભાજી લેવા આવતો નહી નહીતર લાકડીથી મારીશ" અને તેણે મારા દીકરાને ડાબા પડખામાં લત મારેલ. આ સમયે મંજુબેન તથા શરદ વેજા ત્યાં હાજર હતા અને તેઓ મારા દીકરાને લઇને ઘરે આવેલ અને બાદ વેજાભાઇએ ૧૦૮ ને બોલાવેલ અને મારા દીકરાને સારવારમાં લઇ ગયેલ અને બાદ મારા દીકરાએ ફરીયાદ કરેલી. પોલીસે બનાવ બાબતે મારી પુછ પરછ કરેલી. બનાવ બાબતે મારા દીકરાએ મને વાત કરેલી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, બનાવ કઇ તારીખે બનેલો તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે બનાવ વખતે કોરોના મહામારીના કારણે લોકડાઉન હતુ. એ વાત ખરી નથી કે કોરોના વખતે પોલીસવાળા કોઇને ઘરમાંથી નિકળવા દેતા ન હતા. એ વાત ખરી છે કે બનાવ વખતે હું ત્યાં હાજર ન હતો બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે વજશીભાઇ અમારા ગામના છે જેથી પહેલેથી જ ઓળખુ છુ. હું ભરતભાઇ કાંતીભાઇ

ચાંચીયાને ઓળખતો નથી અને સંજયભાઇ ભરતભાઇ સાદીયાને પણ ઓળખતો નથી. તેમજ અશોક કેશુભાઇ સાદીયાને પણ ઓળખતો નથી. એ વાત ખરી છે કે ભરત કાંતીભાઇ ચાંચીયા, સંજય ભરતભાઇ સાદીયા, અશોક કેશુભાઇ સાદીયાએ અમારા દુરના કુંટુંબીઓ થાય છે. ભરતભાઇ એ રામાભાઇ ભુતિયા સામે તથા સંજય ભરતભાઇએ શાંતિબેન ખીમાભાઇ તથા ધર્મેશ લીલાભાઇ સામે તથા અશોક કેશુભાઇ સાદીયાએ અજય લીલા ઓડેદરા સામે એટ્રોસીટીની ફરીયાદો કરેલી છે. એ વાત ખરી છે કે મારા દીકરાએ એટ્રોસીટીની ફરીયાદ કરેલી જેથી મારા  દીકરાને સરકાર તરફથી વળતર પેટે રૂા. ૭૫૦૦૦/– મળેલ. એ વાત ખરી નથી કે મારા દીકરાને આરોપી વજશી ભીમાભાઇ કોઈ માર મારેલ નથી કે જ્ઞાતિ પ્રત્યે કોઈ અપમાનિત કરેલ નથી. એ વાત ખરી નથી કે મારા દીકરાને મારા ભત્રીજા તથા પાડોશી મંજુબેન અમારી પાસે લઈ આવેલ. એ વાત ખરી નથી કે મારો દીકરો વડલાની ડાળીએ હીંચકતો હોય ત્યાંથી પડી જતા ઈજા થયેલ. એ વાત ખરી નથી કે સરકારમાંથી વળતર મેળવવા માટે મારા દીકરાએ હાલની ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદી મારો દીકરો હોય તેને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ મંજુબેન ઉર્ફે મધુબેન અમરાભાઈ ચાંચીયાને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદએ ફરીયાદ હકીકત કે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ તેઓએ ફરીયાદપક્ષના કેસની

હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષે આ ગુનાની ફરીયાદ લેનાર સાહેદ નિકુલકુમાર નારણભાઈ રબારીને આંક–૪૭ થી તપાસેલ છે તેઓના જણાવ્યા મુજબ તેઓએ ફરીયાદીની પોતાના રુબરુની ફરીયાદ લીધેલાનું જણાવે છે. ફરીયાદપક્ષે ત.ક.અ. અશોકકુમાર રાયચંદદાસ પટેલને આં ક–૫૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ હાલના ગુનાની તપાસ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અટક પં ચનામાની વિગતે અરોપીને અટક કરેલ તેમજ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ તેમ જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવના અરસામાં સમગ્ર ભારતમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન ચાલુ હતુ. એ વાત ખરી છે કે લોકડાઉનના કારણે માણસોને ઘરની બહાર નિકળવાની મનાઇ હતી. એ વાત ખરી છે કે વેપાર ધંધા પણ બંધ હતા. એ વાત ખરી છે કે જયારે ફરીયાદીએ ફરીયાદ રજીસ્ટર્ડ કરાવી ત્યારે જાતિ અંગેનો કોઇ આધાર રજુ રાખેલ ન હતો. એ વાત ખરી છે કે ફરીયાદ વખતે જાતી અં ગેનો કોઇ પુરાવો રજુ કરેલ ન હોવા છતા એટ્રોસીટી મુજબની ફરીયાદ રજીસ્ટર્ડ કરવામાં આવેલ. સાહેદ ખુલાસામાં જણાવે છે કે તપાસ

દરમ્યાન ફરીયાદીએ તેમની જ્ઞાતિ અંગેનો પુરાવો રજુ કરેલ હતો. એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામા મે મારી જાતે તૈયાર કરી પાછળથી પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન ફરીયાદ મુજબ મે મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાનુ પંચનામુ પાછળથી પોલીસ સ્ટેશનમાં લખીને પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં આક્ષેપિત ગુનાને લગત કોઈ પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૭.૧) ફરીયાદપક્ષે ખાનગી વકીલશ્રી સી. એ. મારુએ આંક–૬૧ થી રજુ કરેલ લેખિત દલીલ વંચાણે લીધી તે મુજબ તેઓએ માત્ર ફરીયાદીની જુબાનીને આધાર બનાવેલ છે પરંતુ આ કામે તપાસવામાં આવેલ અન્ય સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. વધુમાં આ કામે બનાવ કોરોનાના સમય દરમ્યાન બનવા પામેલ છે. ત્યારે બનાવનું સ્વરુપ અને હકીકત જોતા માત્ર ફરીયાદીની જુબાનીને આધારે જ ફરીયાદપક્ષાનો કેસ પુરવાર થયેલાનું માની શકાય નહીં.

(૧૮) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી બનાવની હકીકતોને સમર્થન આપે છે અને આરોપી દ્વારા તેને અપશબ્દો બોલી ડાબા પડખામાં પાટુ

મારી પછાડી દીધેલાની હકીકત સરતપાસમાં જણાવે છે. વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમયે મંજુબેન અને શરદભાઇ આવીને તેમને તેમના ઘરે લઇ ગયેલા પરંતુ ફરીયાદપક્ષે તપાસ ેલ સદર સાહેદ મંજુબેનનો પુરાવો વંચાણે લેતા તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બનાવની હકીકતને સમર્થન આપતા નથી. અને શું બનાવ બનેલ તેની તેઓને ખબર નથી. વધુમાં આ કામે તપાસેલ સાહેદ શરદભાઇ વેજાભાઇનો પુરાવો વંચાણે લેતા તેઓના જણાવ્યા મુજબ બનાવ સ્થળે તેઓ ગયેલા ત્યારે ફરીયાદીને બનાવની વાત કરેલાનું જણાવે છે એટલે કે સદર સાહેદ બનાવના નજરે જોનાર સાક્ષી નથી. બનાવ બની ગયા બાદ તેઓ બનાવ સ્થળે આવેલા હોવાની હકીકત જણાય આવે છે. વધુમાં સદર સાહેદના પુરાવા મુજબ બનાવની તારીખ તેઓને યાદ નહી હોવાનું જણાવેલ છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ સાહેદ નારણભાઇ પાલાભાઇ ચાંચીયાનો પુરાવો વંચાણે લેતા બનાવના નજરે જોનાર સાહેદ નથી. તેઓને બનાવ કઇ તારીખે બનેલ તે હાલ યાદ નહી હોવાનું જણાવે છે તેમજ ફરીયાદીની ઉલટ તપાસ તથા સદર સાહેદની ઉલટ તપાસ વંચાણે લેતા બનાવના અરસામાં કોરોના મહામારીના કારણે લોકડાઉન હોવાની હકીકત સ્વીકારે છે. આમ ઉપરોકત હકીકતે મહત્વના કહી શકાય તેવા ફરીયાદી અને બનાવ સ્થળે હાજર રહેલ સાહેદોનો પુરાવો વંચાણે લેતા

તેઓ સુધારા વધારા સાથેનો પુરાવો આપે છે ત્યારે સદર પુરાવાને આધારે આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચો તથા આરોપીના અટક પંચનામાના પંચોએ કહેવાતા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી ત્યારે આવા કહેવાતા પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે ત.ક.અ.શ્રીના પુરાવામાં સ્વીકાર્યા મુજબ આ કામે એવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી કે તેઓને હાલના કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમા આ કામે ફરીયાદી નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઈ જ હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતા પુરવાર થતી નથી.

(૧૯) આમ આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ- *૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), તથા એટ્રોસીટી એકટની કલમ- ૩(૧)(આર) (એસ), ૩(૨)(૫-એ)* મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતંત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ તથા નો જવાબ નકારમાં ઠરાવુ છું. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની

મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

**: આખરી હુકમ :**

૧. આ કામના આરોપી વજશી ભીમાભાઇ ઓડેદરાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૫૦૪ , ૨૯૪(ખ) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) (એસ), ૩(૨)(૫–એ)* મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રુા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

૩. મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલની લાકડીનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૭ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૭–૦૪–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701